# વરકાણાતીર્થ



શ્રુતનિધિ

શારદાબેન ચિમનભાઈ એજ્યુકેશનલ રિસર્ચ સેન્ટર

'દર્શન', શાહીબાગ, અમદાવાદ-૪.

# વરકાણા તીર્થ

શ્રુતનિધિ
શારદાબેન ચિમનભાઈ એજ્યુકેશનલ રિસર્ચ સેન્ટર
'દર્શન', શાહીબાગ, અમદાવાદ-૪.

# વરકાણા તીર્થ

પ્રકાશન વર્ષ

વિ૰ સં૰ ૨૦૫૩ : ઈ૰ સ૰ ૧૯૯૭

નકલ : ૧૦૦૦

ગ્રંથઆયોજન

શારદાબેન ચિમનભાઈ એજ્યુકેશનલ રિસર્ચ સેન્ટર
'દર્શન', શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.

પ્રકાશક

શ્રુતનિધિ
શારદાબેન ચિમનભાઈ એજ્યુકેશનલ રિસર્ચ સેન્ટર
'દર્શન', શાહીબાગ, અમદાવાદ-૪.

## પ્રસ્તાવના

આ અગાઉ શેઠ આણંદજી કલ્યાણજી, અમદાવાદ તરફથી આયોજિત પરિચય-પુસ્તિકામાળામાં **તીર્થાધિરાજ શત્રુંજય, મીરપુરનાં જિનમંદિરો, ઉજ્જયન્તગિરિનાં જિનમંદિરો, આરાસણનાં જિનમંદિરો** તેમજ **રાણકપુરનાં જિનમંદિરો** એમ પાંચ પુસ્તિકાઓ પ્રકટ થઈ ચૂકી છે. એ જ સિલસિલો ચાલુ રાખતાં તેમાં પૂર્તિરૂપે હવે રાજસ્થાનના ગોડવાડ પંથકમાં આવેલા વરકાણાના પાર્શ્વનાથ જિનાલય પર પૂર્વની જેમ પ્રા૦ મધુસૂદન ઢાંકીએ તૈયાર કરી આપેલી પુસ્તિકા હવે અમારી સંસ્થા તરફથી સંપ્રતિ પ્રકટ થઈ રહી છે. ઉપરકથિત પુસ્તિકાઓ મંદિરોના સંક્ષિપ્ત ઇતિહાસ અને કલાપરિચય રૂપે જ હોઈ તેમાં પ્રસ્તુત મંદિરોને લગતાં અભિલેખો, સ્તુતિ-સ્તોત્રો, તીર્થવન્દનાદિ કૃતિઓ, અને યાત્રાનાં વિધિવિધાનો, કર્મકાંડો તેમ જ તીર્થમહિમા અને યાત્રાફળ સંબંધમાં કોઈ ચર્ચા પ્રસ્તુત કરવામાં આવતી નથી.

પરિચય-પુસ્તિકામાળામાં આ પછી ક્રમમાં રાજસ્થાન સ્થિત અન્ય સ્થળોમાં આવેલાં જિનાલયો વિશે કહેવામાં આવશે. તેમાં **જેસલમેરનાં જિનમંદિરો,** મેવાડ સ્થિત **દેલવાડા, કેલવાડા અને કરહેડાનાં જિનમંદિરો,** અને આબૂ પર્વત પરનાં જગવિખ્યાત **દેલવાડાનાં દેરાં**નો પરિચય આપતી પુસ્તિકાઓ પ્રકટ કરવાની અમારી યોજના છે.

અહીં જોડેલા પરિચયાત્મક તમામ ચિત્રો, ત્રણ અપવાદ સિવાય, વારાણસી સ્થિત The American Institute of Indian Studiesના સંગ્રહમાંથી પ્રકાશનાર્થે મેળવેલાં છે. પ્રસ્તુત સંસ્થાના અમે આભારી છીએ. શેષ ત્રણ ચિત્રો પ્રા૦ મધુસૂદન ઢાંકીના નિજી સંગ્રહમાંથી લેવામાં આવ્યા છે.

અમદાવાદ
ઈ૦ સ૦ ૧૯૯૭

**જિતેન્દ્ર શાહ**
નિયામક
શારદાબેન ચિમનભાઈ એજ્યુકેશનલ રિસર્ચ સેન્ટર
'દર્શન', શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.



# વરકાણા તીર્થ

૧૫મા શતકના સાંસ્કૃતિક પુનરુત્થાન યુગમાં, વિશેષ કરીને મેદપાટપતિ મહારાણા કુંભકર્ણના શાસનકાળ દરમિયાન, મંદિર નિર્માણનો મોટો જુવાળ નીચલા રાજસ્થાનમાં આવેલો. એ કાળે બંધાયેલાં દેવમંદિરોમાં જૈનોનું ગણ્યમાન પ્રદાન રહ્યું છે. તેમાં જોવા જઈએ તો રાણકપુરનાં જગપ્રસિદ્ધ જિનમંદિરો, હમીરપુર/મીરપુરનું મુખ્ય જિનાલય, મેવાડમાં એકલિંગજી પાસેનાં દેલવાડા - કેલવાડાનાં દેરાસરો, તેમ જ અહીં જેના વિષે કહેવા ધાર્યું છે તે વરકાણાનું પાર્શ્વનાથ જિનાલય મુખ્યત્વે ગણાવી શકાય.

આબૂ પર્વતથી, એટલે કે અર્બુદમંડલથી, દૂર ઈશાન ભાગમાં રાજસ્થાનનો પુરાણો ગોડવાડ પ્રદેશ આવેલો છે. એ પંથકમાં ઉત્તર મધ્યકાળમાં પાંચ જૈન તીર્થો—ધાણેરાવ, રાણકપુર, નાડલાઈ, નાડોલ અને વરકાણા—મશહૂર બનેલાં : અને એ સ્થાનો વર્ત્તમાને 'ગોડવાડની પંચતીર્થી' કે 'રાણકપુરની પંચતીર્થી' નામે પ્રસિદ્ધ છે. આમાંથી ધાણેરાવનું મહાવીર જિનાલય તો દશમા શતકના મધ્યભાગ જેટલું, નાડલાઈનાં મંદિરો દશમાથી લઈ ૧૫મા-૧૬મા શતક જેટલાં પુરાણાં છે, જ્યારે નાડોલનાં ૧૧મી સદી ઉત્તરાર્ધનાં અને રાણકપુરનાં મંદિરો ૧૫મી શતાબ્દીના છે.

વરકાણા, મધ્યકાલીન વરકાનક,ના આ મંદિર સાથેના સંબંધકર્ત્તા તમામ પ્રતિમાલેખો અને અસલી પ્રતિમાઓ જો કે નષ્ટ થયાં છે, તો પણ તે ૧૫મી સદીના મધ્યભાગમાં બંધાયેલું હોય તેવું તેની વાસ્તુપ્રણાલી તથા કંડારશૈલી પરથી આકલન થઈ શકે છે.

વરકાણાની ૧૫મા-૧૬મા શતકમાં તીર્થરૂપે ખ્યાતિ હશે તેમ લાગે છે. ઉત્તર મધ્યકાળમાં રચાયેલાં **સકલતીર્થસ્તોત્ર**માં 'વરકણો પાસ' કહી તીર્થનું સ્મરણ કર્યું છે. આ તરફનાં ધામો આવરી લેતી ચૈત્યપરિપાટીઓના યાત્રિક-કવિઓ પણ તેનો ઉલ્લેખ કરતા રહ્યા છે. (આગમગચ્છીય) ગુણરત્નસૂરિએ તીર્થ સંબદ્ધ એક સારું સ્તોત્ર બનાવ્યું છે. એ સિવાય અજ્ઞાતગચ્છના વિનયહંસ

(૧૫મો સૈકો ઉત્તરાર્ધ ?) તથા (ખરતરગચ્છીય ?) નન્દીવર્ધનના શિષ્ય નયવર્ધનનું પણ એક સ્તોત્ર મળ્યું છે. **ભક્તામરસ્તોત્ર**નાં ચરણોની પાદપૂર્તિરૂપે પણ એક વરકાણા પાર્શ્વનાથનું સ્તોત્ર બન્યું છે.

વરકાણા અમદાવાદ-દિલ્હી રેલવે પર આવેલા રાણી સ્ટેશનથી માત્ર ત્રણ'એક માઈલના અંતર પર, નાડોલ તરફ જવાના રસ્તા પર આવેલું છે. ગામની મહત્તા પાર્શ્વનાથનાં વિશાળ અને કલામય બાવન જિનભવનને કારણે છે. મંદિર બંધાયું એ કાળે વરકાણા ગામ, પાછળ અહીં કહ્યું તેમ, તેનાં સંસ્કૃતીકરણ પામેલ અભિધાન 'વરકાનક' તરીકે પણ જાણીતું હતું.

પાર્શ્વનાથના આ પૂર્વાભિમુખ બાવન જિનાલયને ફરતો પથ્થરનો પ્રાકાર (વંડી) છે. પ્રાકાર અને મંદિરની વચ્ચે દક્ષિણ, પશ્ચિમ, અને ઉત્તર તરફ તો ફરવાની જગ્યા પ્રમાણમાં સાંકડી છે, પણ પૂર્વના મોવાડના ભાગે ઠીક ઠીક પગતાણવાળો ચોક આવી રહેલો છે; અને ત્યાં એથી પૂરતી મોકળાશ છે. મંદિરના પ્રાંગણમાં પ્રવેશ માટે પ્રાકારમાં પૂર્વ તરફ ઉપર મજલાવાળું ચોકીઆળું તો છે, પણ તેનું દ્વાર બંધ રાખવામાં આવે છે; જ્યારે ઉત્તર તરફ ઓટલા પર દોઢી-ડેલી જેવો, થાંભલાવાળો, અને ઉપર માળયુકત એટલે કે વલાનકયુકત પ્રવેશમંડપ કરેલો છે, અને આજે તો અવરજવર તેમાંથી જ થાય છે.

સાંપ્રત બાવન જિનાલયના આયોજનમાં, અન્ય સમાન્તર દષ્ટાંતોમાં ન મળતાં, કેટલાંક વિશિષ્ટ તત્ત્વોનો સમાવેશ થયેલો હોઈ અભ્યાસની દૃષ્ટિએ તેમ જ કલાત્મકતાની દૃષ્ટિએ એ મહત્ત્વ ધરાવે છે. મૂલપ્રાસાદ (મુખ્યમંદિર), ગૂઢમંડપ, અને તેની સાથે સંલગ્ન અન્યત્ર નહીં જોવા મળતું અંતરાલ, તે પછી તેને જોડેલી છચોકી, અને પછી ક્રમમાં ઉપલે માળે જાળીઓથી બંધ કરેલો મેઘનાદ જાતિનો રંગમંડપ, તે સૌને ફરતી બાવન દેવકુલિકાઓ (દેરીઓ), તેમ જ આ દેરીઓની હારમાળામાં રંગમંડપના ઉત્તર-દક્ષિણ મધ્ય સૂત્રે જોડેલાં અને પ્રલંબ અંતરાલવાળા મોટા ભદ્રપ્રાસાદો, અને છેવટે પૂર્વ પ્રવેશે જોડેલો માળયુકત વિશાળ મુખમંડપ. આ તમામ ઘટકોની રચના એક જ સમયે થયેલી હોવાનું તે સૌની શૈલીની એકરૂપતા પરથી નિશ્ચિત થાય છે.

વંડી બહાર ઉત્તર તરફથી પ્રવેશ કરતાં દ્વારમંડપના ઓછા અલંકારી પણ સુઘટિત બે પ્રકારના ઘટપલ્લવ સ્તંભો દૃષ્ટિગોચર થાય છે (ચિત્ર ૧). (દ્વારમંડપના વચલા થાંભલાઓ અને દક્ષિણના થંભો વચ્ચે દિવાલો ચણી કચેરી બનાવી દીધી છે.) અને અંદર પ્રવેશ્યા બાદ, તેને ઉપલે માળે, 'વલાનક'માં જતાં ત્યાં એક સભામંદારક જાતિનો સરસ રીતે અલંકૃત વિતાન (મોટી છત) જોવામાં આવે છે (ચિત્ર ૨). તેના નીચેના ગજતાલુના બે થરોમાં રાણકપુરના ધરણવિહારની કેટલીક

મોટી છતોમાં છે તે પ્રમાણે આંતરે આંતરે ફૂલોનો કંડાર જોવા મળે છે. અહીં સુરસુંદરીઓની આઠ મૂર્તિઓના ટેકણરૂપે આઠ વિદ્યાધરો તો ઉપસ્થિત છે, પણ આજે તો સુરસુંદરીઓને સ્થાને પથ્થરના નવીન ધોળાં, વિસંવાદ ઉપસ્થિત કરવાવાળા, ચોસલાંઓ જ મળે છે.

આ વલાનકમાંથી જ એક રસ્તો ઉપલી રાંગે થઈ પૂર્વ તરફની પ્રવેશ ચોકીના ઉપલા માળ(ચિત્ર ૩)માં જાય છે. ત્યાં વચ્ચે એક સારો નાભિમંદારક જાતિનો વિતાન છે (ચિત્ર ૪); અને તેના પૂર્વ તરફના આગળ ખેંચેલા ભાગની સમતળ છતમાં બે મોટાં ખંડ પાડેલા છે, જેમાં 'પંચાંગવીર' અને 'નાગદમન'ના ભાવો રજૂ કર્યા છે (ચિત્ર ૫).

અહીંથી નીચે ઊતરી ચોકમાં આવી જતાં પશ્ચિમે મંદિરનો માળયુકત મોટો મુખમંડપ નજરે પડે છે (ચિત્ર ૬). આ મંડપ નીચેની ઘાટડાં વગરની જગતી પર, વેદી અને આસનપટ્ટના બાહ્ય આવરણ વગરના, ખુલ્લા સ્તંભો પર ઊભો કરેલો છે. આ સ્તંભો મૂલત: છે તો રાણકપુરના ધરણવિહારમાં જોવા મળતા પ્રકારનાં, પણ ધીંગા અને વિશેષ ઘાટીલા છે, અને અહીં શોભનબંધોમાં કેટલીક વિગતોમાં ફરક છે, નવીનતા પણ છે. મંડપના ત્રણે બાજુના પ્રવેશોમાં ઈલ્લિકા પ્રકારનાં તોરણો લગાવેલાં છે (ચિત્ર ૭, ૮), જે ગુજરાતમાં પ્રથમ વાર આરાસણના મહાવીર જિનાલયની ત્રિક (ઈ૰ સ૰ ૧૦૬૨)માં, અને પછી મોઢેરાના સૂર્યમંદિરના રંગમંડપ(પ્રાય: ઈ૰ સ૰ ૧૦૭૫)માં જોવા મળે છે. મંડપના અંદરના ભાગમાં આ સ્તંભોના સમુદાયના રચાતા વિવિધ કોણોથી થતાં દર્શનો અત્યંત સોહામણાં લાગે છે (ચિત્ર ૯, ૧૦). આ રંગમંડપના પાટડા પર, મોરાના નીચલા ભાગમાં, વેલ અને ઉપર ઊંચેરા તન્ત્રક ભાગ પર અર્ધવર્તુળોમાં અર્ધપદ્મો કોરેલાં છે (ચિત્ર ૧૧). મધ્યની મોટી ચોરસ છત આમ તો સમતલ પ્રકારની છે, પરંતુ તેમાં પટ્ટીઓ પાડી અને પછી તેમાં ખાનાંઓ કરી તેમાં ફૂલબુટ્ટા, કમળો, ગોળ સાદી લૂમાઓ વગેરેનાં શોભનો ઠાંસ્યાં છે (ચિત્ર ૧૧).

આ મુખમંડપના ઉપલા માળમાં ફરતાં વેદિકા, કક્ષાસનાદિ કર્યાં છે (ચિત્ર ૬), અને બીજી ત્રણ-ચાર લાંબી, પણ ક્ષિપ્ત લૂમાઓ વાળી, છતો પણ અહીં છે. વચ્ચેના ભાગમાં ઉત્તર તરફના વલાનકના વિતાનને મળતી મોટી પણ થોડી ઓછી અલંકૃત છત છે (ચિત્ર ૧૨). તેમાં વિદ્યાધરોની આઠ ટેકણો માત્ર શોભાની જ છે, કેમ કે તેના પર નાયિકાઓની મૂર્તિઓ રાખવાનો સમાસ નહોતો. અહીંની ઉત્તર તરફના ભદ્રભાગની સમતલ છત કંડારમાં ભોંયતળિયાની મધ્યની મુખ્ય છતને મળતી આવે છે (ચિત્ર ૧૩); જ્યારે ત્યાં બાજુમાં સમ-નાભિ પ્રકારની એક છત છે (ચિત્ર ૧૪).

આ મુખમંડપમાંથી અંદરના રંગમંડપમાં જવાનું દ્વાર સાંકડું છે. માળયુકત રંગમંડપ નાનો પણ ઘણો જ નમણો છે. તેના પાતળા અને ઊંચેરા થાંભલાઓમાં અષ્ટકોણ જંઘાઓ પર વેલપટ્ટી

આદિનું આછું આછું પણ શોભીતું કંડારકામ કરેલું છે, જે રાણકપુરના કામને મળતું આવે છે (ચિત્ર ૧૬). ઉત્તર તરફના ભદ્રપ્રાસાદની પટ્ટશાળામાંથી દેખાતું તેનું રળિયામણું દર્શન ચિત્ર ૧૫માં રજૂ કર્યું છે.

મંડપના સ્તંભો ઉપરના પાટડાઓના મોવાડ પર વેલ અને અર્ધાં કમળોનાં સુરેખ અને સુરુચિપૂર્ણ શોભનપટ્ટીઓ કોરી છે (ચિત્ર ૧૭). ઉપર આવતી વેદિકા પણ ખૂબસૂરત છે (ચિત્ર ૧૭). તેમાં વેલનાં શોભનો ઉપરાંત હંસ, વ્યાલ, ગાંધર્વકન્યાઓ વગેરેનાં રૂપો પણ વચ્ચે વચ્ચે ગોઠવી દીધાં છે. (એના જેવું સમાન્તર કામ મીરપુરના સમકાલીન મંદિરના રંગમંડપની વેદિકામાં જોવા મળે છે.) ઉપરના માળની થાંભલીઓના ગાળા જાળીઓથી ભરી દીધા છે; અને નીચલો માળ સળિયાવાળી આધુનિક જાળીથી ઢાંકી દીધેલો હોઈ ઉપર રહેલા સુંદર વિતાનની તસવીર લઈ શકાતી નથી પરંતુ તે ઉત્તર તરફના પ્રવેશના વલાનકમાં છે તેને મળતો જ છે.

રંગમંડપ સાથે જોડાતા ઉત્તર-દક્ષિણ ભદ્રપ્રાસાદોની પટ્ટશાલાઓ ઊંચેરી લીધી છે અને તેમાં ચડવા માટે પગથિયાં કરેલાં છે. ત્યાં ઉત્તર તરફના ભદ્રાલિન્દની લૂમાયુકત પદ્મક જાતિની છત ચિત્ર ૧૮માં રજૂ કરી છે.

રંગમંડપમાં પ્રકાશ હોવો ઘટે તેના કરતાં ઘણો ઓછો પ્રવેશે છે. કારણમાં પૂર્વ દિશાનું સાંકડું દ્વાર અને તેની આગળ રહેલો મોટો મુખમંડપ તેમજ રંગમંડપના ઉપલા માળની જાળીઓ અને છચોકીમાં અંતરાલની પડખલાની દિવાલો, અને ત્યાં આગળ ગિરનાર-શત્રુંજય-તીર્થપટ્ટ ઊભો કરી તેને દેરી જેવું કરી દીધું છે. તે મુખ્ય રૂપે ગણાવી શકાય.

રંગમંડપથી પશ્ચિમે ઉપરકથિત છચોકી આવે છે. તેના સ્તંભો પણ પાતળા, ઘાટીલા, અને જરૂર પૂરતી ઊભી વેલપટ્ટીઓ આદિની ચોરસ જંઘા પરની કોરણી ઇત્યાદિથી શોભિતા લાગે છે (ચિત્ર ૧૯). અહીં કેટલીક સુંદર છતો રહેલી છે, જેમાં મધ્ય ભાગે આવેલો પદ્મક વિતાન ધ્યાન ખેંચે તેવો છે (ચિત્ર ૨૦). તેની બાજુમાં નવ ખંડ પાડી તેમાં ચાર ખંડા કોલની ક્ષિપ્ત લૂમાવાળી છત પણ આકર્ષક છે (ચિત્ર ૨૧). (આને મળતી છતો રાણકપુરના ધરણવિહારના મંડપોમાં જોવા મળે છે.) (છચોકીના એક સ્તંભ પર સં૦ ૧૨૧૧/ઈ૦ સ૦ ૧૧૫૫નો લેખ હોવાનું નોંધાયું તો છે, પણ મંદિર તો પૂરેપૂરી ૧૫મી શતાબ્દીની જ વાસ્તુરીતિ બતાવી રહ્યું હોઈ લેખ સં૦ ૧૫૧૫/ઈ૦ સ૦ ૧૪૫૫નો હોવાનો સંભવ વિશેષ છે.)

છચોકીની બહાર ઉત્તર તરફ એક લમ્બનવાળી વિરલ છત છે (ચિત્ર ૨૨). આવા લમ્બનો સામાન્ય રીતે કેવળ મોટા સભામંદારક જાતિના વિતાનોમાં જ (મધ્ય ભાગે) કરવાની પ્રથા હતી.

અહીં પટ્ટશાલાના પાટડાનાં સંધાનમોરા પર સરસ ત્રિખંડા જાળીઓની જોડી છચોકીની બન્ને બાજુ જોવા મળે છે જે ચિત્ર ૨૩ તથા ૨૪ માં રજૂ કરી છે. તેમાં હંસ, પુષ્પ, અને ભૌમિતિક આકૃતિઓ કંડારી છે.

ગૂઢમંડપમાં અંદર કે બહાર ખાસ વિશેષતા નથી. પણ પ્રાસાદનાં પીઠ અને વેદીબંધમાં શોભાયમાન કંદોરા અને શોભનો કોર્યાં છે. જંઘામાં દિક્પાલો અને સુરસુન્દરીઓની મૂર્તિઓ કરી છે (ચિત્ર ૨૫). તેમાં સલિલાન્તરો(પાણીતારા)માં વ્યાલ બતાવ્યા છે જે પ્રથા ૧૦મી-૧૧મી સદી પછી જોવામાં આવતી નથી. ભદ્રના ખત્તકો (ગોખલા)ના પડખાઓ પર સરસ ઝીણી વેલનો કંડાર છે (ચિત્ર ૨૫).

પ્રાસાદનું શિખર જરા શું લાંબડું પણ પ્રભાવશાળી છે (ચિત્ર ૨૬). તેના પર મધ્યકાળમાં થતી તેવી સરસ જાલક્રિયા કરી છે (ચિત્ર ૨૬, ૨૮) અને શુકનાસના ભાગ સહિત ચારે બાજુ ૧૫મા શતકની વાસ્તુપ્રથા મુજબ ભદ્ર ભાગે રથિકાઓને બદલે ઝરૂખાઓ કાઢ્યા છે (ચિત્ર ૨૬, ૨૭). ગૂઢમંડપની ભીંતો પરનું કામ પણ મૂલપ્રાસાદનાં મંડોવરના કંડારકામ જેવું છે.

ભમતી સાંકડી છે અને તેના સ્તંભો સાદા છે. દેવકુલિકાઓ શિખરબંધ દેરીઓ—ની હાર બહારથી આકર્ષક લાગે છે (ચિત્ર ૩૧). ઉત્તર-દક્ષિણમાં રહેલા ભદ્રપ્રાસાદો પંચાંગ હોઈ, કર્ણ, પ્રતિરથ, અનુરથ, પ્રતિકર્ણ અને ભદ્ર એટલાં અંગો ધરાવતાં હોઈ, તેમનો દેખાવ પહેલદાર અને પ્રકાશ-છાયાની અદ્ભુત સ્પન્દનયુક્ત છન્દલીલા દર્શાવી રહે છે (ચિત્ર ૨૯, ૩૦).

મંદિરમાં પ્રતિષ્ઠાનો મૂળ લેખ નથી. દેવકુલિકાઓમાં પણ ખાસ જૂના લેખો નથી. ભદ્રપ્રાસાદોમાં પણ મૂળની પ્રતીક રચનાઓ રહી નથી. (કદાચ તે અષ્ટાપદ અને સમ્મેતશિખર વા કલ્યાણત્રયની હશે.) કોઈક આફત સમયે મૂર્તિઓ ભંડારી દેવામાં આવી હોય અને પછીથી તેના સ્થાનનું સ્મરણ નહીં રહ્યું હોય ? પરંતુ શૈલીની દૃષ્ટિએ મંદિરનો સમય ઈ૰ સ૰ ૧૪૪૫-૧૪૫૫ વચ્ચેનો અંદાજી શકાય છે. કોઈ શ્રીમાળી શ્રેષ્ઠીએ તેનું નિર્માણ કરાવ્યાનું કહેવાય છે.

સમગ્ર રીતે જોતાં વરકાણાના આ પાર્શ્વનાથ જિનાલયને એ યુગના સરસ અને ધ્યાન ખેંચે તેવાં સર્જનોમાં સહેજે ગણાવી શકાય. પરંતુ મીરપુરના મંદિરની જેમ તે એકંદરે ઓછું જ્ઞાત છે. યાત્રિકો અને સ્થાપત્યકલાના અભ્યાસીઓ વિશેષ સંખ્યામાં મુલાકાત લે તો તેમને અહીં શાંતિનો અનુભવ તેમ જ કલાવૈભવ નીરખ્યાનો આનંદ મળી શકે તેમ છે.

## ચિત્રસૂચિ :

૧. વરકાણા, પાર્શ્વ જિનાલય, ઉત્તર તરફના પ્રાકારના દ્વારમંડપની બહારની દોઢીના સ્તંભો.
૨. દ્વારમંડપ ઉપરના વલાનક(બલાણક, બલાણા)ની અંદરની સભામંદારક છત.
૩. પ્રાકારના પૂર્વ તરફના ચોકીઆળાનો ઉપલો માળ.
૪. ચોકીઆળાના ઉપલા માળની નાભિમંદારક જાતિની છત.
૫. ચોકીઆળાના ઉપલા માળની 'પંચાંગવીર' અને 'નાગદમન'ના ભાવ દર્શાવતી સમતલ પ્રકારની છત.
૬. બાવન જિનાલયના મુખમંડપનું ઈશાન ખૂણાથી થતું દર્શન.
૭. મુખમંડપનો સ-તોરણ નીચલો માળ તથા ઉપરના માળનાં વેદિકા તથા કક્ષાસન.
૮. મુખમંડપના સ-તોરણ નીચલા માળના સ્તંભોનું સમીપ-દર્શન.
૯. મુખમંડપના નીચલા માળના કોરણીયુક્ત સ્તંભોની રમણીય હારમાળા.
૧૦. મુખમંડપના નીચલા માળના સ્તંભોની ગોઠવણીની છંદલીલા.
૧૧. મુખમંડપના નીચલા માળના મધ્યભાગની સમતલ પ્રકારની, ફૂલ અને લૂમાઓવાળી, ખંડયુક્ત છત.
૧૨. ઉપરના માળનો મધ્યભાગનો સભામંદારક જાતિનો કરોટક-વિતાન.
૧૩. ઉપરના માળની લૂમાઓ અને ફૂલ ભરેલા ખંડોવાળી સમતલ છત.
૧૪. ઉપરના માળની એક સમ-નાભિ પ્રકારની મિશ્ર જાતિની છત.
૧૫. રંગમંડપનું ઉત્તર તરફના ભદ્ર ભાગની પટ્ટશાલા પરથી દેખાતું દૃશ્ય.
૧૬. રંગમંડપના જંઘા પર વેલની કોરણીવાળા સ્તંભો.
૧૭. રંગમંડપના મધ્યભાગના કોતરકામયુક્ત પાટડા અને ઉપલા માળની વેદિકા.
૧૮. રંગમંડપના નીચલા માળ અને ઉત્તર તરફની પટ્ટશાલાના ભદ્રભાગના સંધાન ઉપરની લૂમાયુક્ત સમતલ છત.
૧૯. છચોકીના કંડારયુક્ત સ્તંભો.
૨૦. છચોકીના મધ્યભાગની પદ્મક જાતિની છત.
૨૧. છચોકીની એક, લૂમાઓ અને પુષ્પબન્ધવાળી નવખંડયુક્ત, સમતલ છત.
૨૨. છચોકી અને ઉત્તર તરફની પટ્ટશાલા વચ્ચેના ગાળા ઉપરની મંદારક જાતિની છત.

૨૩. છચોકીના ઉત્તર તરફના પડખાની સામેની પટ્ટશાલાના ભારોટના મોવાડ પરની શોભનયુક્ત ત્રિખંડા જાળી.

૨૪. (ચિત્ર ૨૩ અનુસાર વર્ણન).

૨૫. મૂલપ્રાસાદના પીઠ સહિતના કોરણીવાળા, રૂપકામ ખચિત મંડોવરનું દશ્ય.

૨૬. મૂલપ્રાસાદના શિખરનું એની જાલકોરણી સહિતનું પશ્ચિમ તરફથી થતું દર્શન.

૨૭. મૂલપ્રાસાદના શિખરના ભદ્રો પર કાઢેલા ઝરૂખાઓ સહિતનું વાયવ્ય કોણથી થતું દર્શન.

૨૮. મૂલપ્રાસાદની સૂક્ષ્મ જાલક્રિયાનું સમીપ દર્શન.

૨૯. ભમતીમાં રંગમંડપની સામેના ઉત્તર તરફના ભદ્રપ્રાસાદનું બાહરી દર્શન.

૩૦. ભમતીના દક્ષિણ બાજુના ભદ્રપ્રાસાદનું પ્રકાશ-છાયાની છંદલીલા દર્શાવતું બાહરીદશ્ય.

૩૧. દક્ષિણ બાજુથી ભમતીની દેવકુલિકાઓની હારનું બહારથી દેખાતું સુરેખ દશ્ય.



૧. વરકાણા, પાર્શ્વ જિનાલય, ઉત્તર તરફના પ્રાકારના દ્વારમંડપની બહારની દોઢીના સ્તંભો.

૩. પ્રાકારના પૂર્વ તરફના ચોકીઆળાનો ઉપલો માળ. →



૨. દ્વારમંડપ ઉપરના વલાનક(બલાણક, બલાણા)ની અંદરની સભામંદારક છત.

૫. ચોકીઆળાના ઉપલા માળની 'પંચાંગવીર' અને 'નાગદમન'ના ભાવ દર્શાવતી સમતલ પ્રકારની છત. →







૪. ચોકીઆળાના ઉપલા માળની નાભિમંદારક જાતિની છત.

૬. બાવન જિનાલયના મુખમંડપનું ઈશાન ખૂણાથી થતું દર્શન. →





૭. મુખમંડપનો સ-તોરણ નીચલો માળ તથા ઉપરના માળનાં વેદિકા તથા કક્ષાસન.



૮. મુખમંડપના સ-તોરણ નીચલા માળના સ્તંભોનું સમીપ-દર્શન.



૯. મુખમંડપના નીચલા માળના કોરણીયુક્ત સ્તંભોની રમણીય હારમાળા.

૧૦. મુખમંડપના નીચલા માળના સ્તંભોની ગોઠવણીની છંદલીલા.





૧૧. મુખમંડપના નીચલા માળના મધ્યભાગની સમતલ પ્રકારની, ફૂલ અને લૂમાઓવાળી, ખંડયુક્ત છત.



૧૨. ઉપરના માળનો મધ્યભાગનો સભામંદારક જાતિનો કરોટક-વિતાન.



૧૪. ઉપરના માળની એક સમ-નાભિ પ્રકારની મિશ્ર જાતિની છત.



૧૩. ઉપરના માળની લૂમાઓ અને ફૂલ ભરેલા ખંડોવાળી સમતલ છત.

૧૫. રંગમંડપનું ઉત્તર તરફના ભદ્ર ભાગની પટ્ટશાલા પરથી દેખાતું દૃશ્ય.







૧૭. રંગમંડપના મધ્યભાગના કોતરકામયુક્ત પાટડા અને ઉપલા માળની વેદિકા.

← ૧૬. રંગમંડપના જંઘા પર વેલની કોરણીવાળા સ્તંભો.



૧૮. રંગમંડપના નીચલા માળ અને ઉત્તર તરફની પટ્ટશાલાના ભદ્રભાગના સંધાન ઉપરની લૂમાયુક્ત સમતલ છત.



૧૯. છચોકીના કંડારયુક્ત સ્તંભો.



૨૦. છચોકીના મધ્યભાગની પદ્મક જાતિની છત.



૨૧. છચોકીની એક, લૂમાઓ અને પુષ્પબન્ધવાળી નવખંડયુક્ત, સમતલ છત.



૨૨. છચોકી અને ઉત્તર તરફની પટ્ટશાલા વચ્ચેના ગાળા ઉપરની મંદારક જાતિની છત.



૨૩. છચોકીના ઉત્તર તરફના પડખાની સામેની પટ્ટશાલાના ભારોટના મોવાડ પરની શોભનયુકત ત્રિખંડા જાળી.



૨૪. છચોકીના ઉત્તર તરફના પડખાની સામેની પટ્ટશાલાના ભારોટના મોવાડ પરની શોભનયુકત ત્રિખંડા જાળી.



૨૫. મૂલપ્રાસાદના પીઠ સહિતના કોરણીવાળા, રૂપકામ ખચિત મંડોવરનું દૃશ્ય.



૨૬. મૂલપ્રાસાદના શિખરનું એની જાલકોરણી સહિતનું પશ્ચિમ તરફથી થતું દર્શન.



← ૨૭. મૂલપ્રાસાદના શિખરના ભદ્રો પર કાઢેલા ઝરૂખાઓ સહિતનું વાયવ્ય કોણથી થતું દર્શન.

૨૮. મૂલપ્રાસાદની સૂક્ષ્મ જાલક્રિયાનું સમીપ દર્શન.



૨૯. ભમતીમાં રંગમંડપની સામેના ઉત્તર તરફના ભદ્રપ્રાસાદનું બાહરી દર્શન.





૩૦. ભમતીના દક્ષિણ બાજુના ભદ્રપ્રાસાદનું પ્રકાશ–છાયાની છંદલીલા દર્શાવતું બાહરીદશ્ય.



૩૧. દક્ષિણ બાજુથી ભમતીની દેવકુલિકાઓની હારનું બહારથી દેખાતું સુરેખ દશ્ય.